ખોજ માટેનું આમંત્રણ

નવસર્જનના મોખરા જેવું એક પ્રભાત આવ્યું. વસ્તુઓના અવિનાશી મૂળમાંથી ચિત્રવિચિત્ર સૌન્દર્ય પ્રકટ થયું. સૂર્યપ્રકાશ વિકાસ્યો, અધિક સુખિયાં આકાશ ઊઘડયાં. આત્માઓ જેમ આનંદના ઉપાગમને આકંપિત થાય છે તેમ વ્યોમ સાથે વાતો કરતાં વૃક્ષોય ભ્રમણ કરતા વાયરાએ આકંપિત થયાં. પર્ણ-પુંજે છુપાયેલા કોકિલે અશ્રાંત પ્રેમનો સૂરીલો ટહુકો કર્યો.

એવે વખતે પૃથ્વીલોકના મર્મરાટોથી પરાઙ્મુખ થયેલા રાજા અશ્વપતિએ કિરણોમાં થઈ આવતા અગોચર અવાજો તરફ કાન માંડયા. આપણા જીવનને વર્તુલમાં પૂરી રાખતા એક સૂક્ષ્મ અંતરાલમાં અંતરાત્માનાં સમાધિ-વાસ્યાં બારણાં ઊઘડયાં. પ્રકૃતિનો અશ્રાવ્ય સ્વર શ્રુતિગોચર થયો. અનિર્વચનીય પ્રત્યે જતું પૃથ્વીનું નીરવ સ્તોત્ર શૂન્યના ભાવભર્યા હૃદયમાંથી ઊઠયું. કાળના આગળા પાછળ મર્મરતો વણ જન્મી શકિતઓનો દાબી રખાયેલો સ્વર રાજાએ સાંભળ્યો. પૃથ્વી ઉપર પૂર્ણતાના જીવનની, અનિશ્ચયી મનમાં નિશ્ચિતતાની, દુઃખ સહેતાં માનવ હૃદયો માટે છાયામુકત આનંદની, અજ્ઞાનના જગતમાં મૂર્ત્તિમંત સત્યની ને મર્ત્ય રૂપોને દિવ્ય બનાવી દે એવા દેવની માગણી કરતી ઝંખનાની જબરજસ્ત જવાળા જાગી. વિચારના દૂરના વ્યોમમાંથી છલંગી આવતો એક શબ્દ અશ્વપતિના મસ્તિષ્કના ધ્વનતા માર્ગો ઉપર થઈ પસાર થયો :

" ઓ પૃથ્વીનાં સંતાનો ! કોઈ એક શકિત તમને ફરજ પાડીને ચલાવી રહી છે, દૈવયોગ તમને હંકારી રહ્યો છે. તમે તુચ્છ સાહસિકો છો, વામણી માનવજાતિના બંદીવાનો છો. ક્ષુદ્ર વસ્તુઓની આસપાસ તમે કયાં સુધી ચક્કરો માર્યા કરશો ? અમૃત સ્વરૂપના આદિતત્ત્વમાંથી તમે ઉત્પન્ન થયેલા છો; તમારું જીવન વૃદ્ધિ પામતા દેવો માટેનું બદલાતું રહેતું બીબું છે. તમારી અંદર એક દિવ્ય દ્રષ્ટા છે, સમર્થ સ્રષ્ટા છે, પરમ પાવન મહિમા છે. તમારા સ્વભાવના કોષોમાં સર્વશકિતમાન શકિતઓ પુરાઈ રહેલી છે. એક મહત્તર નિર્માણ તમારી વાટ જોતું સામે ઊભું છે. ક્ષણભંગુર જીવ ધારે તો પોતાનાં કર્મને પરમોચ્ચને અનુરૂપ બનાવી શકે છે. પારના સત્યને જોતા અમરોની દૃષ્ટિ તમારી બનાવવી હોય તો તે શકય છે. હમણાં નહિ તો આગળ ઉપર તમારા હૃદયમાં દેવસ્વરૂપ વૃદ્ધિ પામશે, પરમાત્માના પવમાનમાં તમે પ્રબુદ્ધ થશો, મર્ત્ય મનની દીવાલો તૂટી પડતી જોશો, સૂર્યની દૃષ્ટિ તમારી બનશે,

સનાતનને બારણે તમારા પાંચજન્ય વાગશે પૃથ્વીના પરમ રૂપાંતરના તમે વિધાયકો છો. આત્માની ભોમોના ભયપ્રેરક અવકાશો પાર કરી મહામાતાનો શુદ્ધ સ્પર્શ સેવવાનું, માંસમાટીના આવાસમાં સર્વશકિતમાનનો સમાગમ સાધવાનું, અનેક-કોટિરૂપધારી એકસ્વરૂપની સાથે જીવનને એકાકાર બનાવવાનું કામ તમને સોંપાયું છે.

આ તમારી પૃથ્વી અને સ્વર્લોક વચ્ચે એક આડો પડદો પડેલો છે. તમારું જીવન તમારા જ્યોતિર્મય સ્વરૂપને છુપાવી રાખે છે. તમારાં બારણાં આગળ થઈ જાજ્વલ્યમાન અમર શકિતઓ આવજા કરે છે. દૂર દૂર ઊર્ધ્વમાં દેવોનાં ગીતો ધ્વને છે. તમારી સીમાઓનું ઉલ્લંઘન કરાવવા માટે વિચારનાં રણશિંગાં સાદ કરે છે. થોડાક જણ આ સાંભળે છે ને એથીયે થોડા આનંદ ને અર્ચિષના ઉપાસકો અભીપ્સા કરવાની હામ ભીડે છે. આશા-નિરાશા ને નિષ્ફળતાનું મહાકાવ્ય પૃથ્વીના હૈયાને ભાંગી પાડે છે.

પૃથ્વી પોતાનાં સ્વરૂપ અને સૌભાગ્ય કરતાં વધારે મોટી શકિતથી ને સંકલ્પથી સંપન્ન છે. અચેતનતાના પાશમાં પકડાઈ ગયેલી એ એક દેવી છે. મૃત્યુનાં ગોચરોમાં સ્વયં-બદ્ધ રહેલી એ જીવનનાં સ્વપ્ન સેવે છે. પોતે નરકની યાતનાઓ વેઠતી હોવા છતાં આનંદ માટે એની અભીપ્સા છે. એ જાણે છે કે એક ઊર્ધ્વગામી પગલું અખિલ લોકને મુકત બનાવી દેશે. પોતે દુ:ખમાં દળાતી હોવા છતાં એ પોતાનાં બાળકોને માટે મહિમાની મહત્ત્વાકાંક્ષા રાખે છે.

પરંતુ મનુષ્યના હૃદયમાં આરોહતો અગ્નિ મંદ મંદ છે, એનો અદૃશ્ય મહિમા હજુ પૂજા પામ્યા વગરનો રહેલો છે. સર્વોચ્ચને એ સીમિત સ્વરૂપ આપે છે, નાનકડા વ્યકિતસ્વરૂપે એને વિલોકે છે, યા તો એનું નામ માત્ર કાને પડવા દે છે. અલ્પ લાભ માટે એ અજ્ઞાનની શકિતઓ તરફ વળે છે અથવા તો આસુરી શકિત-ઓનું યજન આદરે છે. પોતાના દુ:ખનું જે કારણ છે તે અજ્ઞાન ઉપર એનો પ્રેમ હોય છે. મનુષ્યમાં રહેલી અલૌકિક શકિતઓ મંતરાઈ ગઈ છે. એના અંતરાત્માનો અવાજ માર્યો ગયો છે. પોતાના મંદિરમાં એણે અસત્ મૂર્ત્તિ પધરાવી છે. મહામાયા એને વીંટળાઈ વળી છે. આત્માની આગાહીઓ, ઋષિઓની પરંપરા, મુનિઓનાં મનનો, કવિઓનાં કવનો—બધું જ નિષ્ફળ નીવડયું છે. સ્વર્ગની જ્યોતિઓને આવીને પાછા વળી જવું પડે છે. દીપ્તિમતી દૃષ્ટિ ઝટ વિદાય લઈ લે છે. શાશ્વતી બોલે છે ત્યારે કોઈ એના શબ્દને સમજતું નથી. ભાગ્ય અનિચ્છુ છે, પાતાલગર્તો ના ભણે છે, કર્યાકારવ્યાને અચિત્ અવરોધે છે, જ્ઞાનીઓ અર્ધ-સત્ય જુએ છે, બળવંતાઓ ચડે છે તે છેક નીચી ટેકરી સુધી જ, ઝંખતાં હૃદયોને પ્રેમની પળમાત્ર મળે છે. હજુસુધી ઘણા જ થોડા દેવતાઓ મર્ત્ય સ્વરૂપોમાં દર્શન દે છે."

આ શબ્દો તો ગૂઢ ગગનોમાં ગરક થઈ ગયા. પણ દેવોના દીપ્તિમંત ઉત્તર સમાન સાવિત્રી સૂર્યાતપમાં થઈ ઉપસ્થિત થઈ. ઝગમગ ઝગમગ વસ્ત્રોએ સજ્જ ઊંચાં વૃક્ષો વચ્ચે થઈને આવતી સાવિત્રી, કોઈ યાત્રી કોઈ એક અદૃશ્ય મંદિર

આગળ ધૂપદીપ સાથે આરતી ઉતારી રહ્યો હોય એવી શોભતી હતી. રાજર્ષિ અશ્વપતિએ એને અંતર્દૃષ્ટિથી અવલોકી. વિશ્વનો આનંદ એનામાં સંકેતિત થયેલો દેખાયો, દેવોના શિલ્પીએ કંડારી કઢેલી અમૃતની અદ્‌ભુત પ્યાલી જેવી એ ઓપતી હતી. સોનેરી અર્ચિષોની ગૂંથણીથી બનેલી એ માધુર્યની જાળ હતી. સાવિત્રીનું સુકુમાર મુખ ગૂઢ પ્રકૃતિને પ્રકાશમાં આણતું હતું. પવિત્ર જન્મોની પત્રલેખા એને લલાટે અંકિત થયેલી હતી. એનું મસ્તક નિષ્કલંક મહર્લોકનો મૂર્ત્તિમંત આદર્શ હતું. ધ્યાને ત્યાં આસન જમાવ્યું હતું, આકાશોનું સ્મિત ત્યાં ઓપતું હતું, એનાં વિશાળ નયનો જગતને જિવાડતા પ્રેમના બે સાગરો હતાં; પારનાં સત્યોને એ પ્રત્યક્ષ કરતાં હતાં. એના અંગેઅંગમાં અમર તાત્પર્ય તરવરતું હતું. શાશ્વત વસ્તુઓની પૂર્ણતા પૃથ્વીની મૂક પ્રાર્થનાને પહોંચાડવા માટે સાવિત્રી શ્વાસોચ્છ્‌વાસ લેવા અહીં આવી હતી.

સાવિત્રીનું જીવંત દેહવસન એવું તો પારદર્શક હતું કે પિતા અશ્વપતિને એની આરપાર અંદર આવિર્ભાવ પામેલા દેવતાનાં સ્પષ્ટ દર્શન થયાં, રાજાની દૃષ્ટિ પાર્થિવતાનો ત્યાગ કરી જોઈ રહી અને અમરે અમરનો ભેટો કર્યો. જણાયું કે એક અલૌકિક અજ્ઞાત આત્મસત્તા એની પુત્રી બનીને અવતરી હતી. આ દિવ્ય દર્શને રાજામાં વિચાર પારના વિચારો જગાડયા. ઊંડાણોમાંથી સાવિત્રીનો પરમ પ્રેમ એને અવલોકતો હતો. રાજાય અદૃષ્ટ શિખરો પરથી એ ઊંડાણોને અવલોકતો હતો. કોઈ કોઈ વાર ગુપ્ત પ્રેરકો જે શબ્દો આપણી પાસે બોલાવડાવે છે તે શબ્દો એને ઓઠે આવ્યા અને જે વચનો આપણા જીવનને પલટો આપી દે છે તે ભાગ્યનિર્માણનાં વચનો એના મુખથી ઉચ્ચારાયાં :

“શાશ્વતીની યાત્રાએ નીકળેલા ઓ આત્મા! જીવનનાં જબરજસ્ત જોખમો ખેડવા આવેલા ઓ દૈવી જીવ! યદૃચ્છા ને ભવિતવ્યતાને માથે તારાં વિજયશીલ પગલાં માંડ. આભામંડળની મધ્યમાં આવેલો ચંદ્રમા તારાં સ્વપ્નાં જેવાં સ્વપ્નાં સેવે છે. એક અતિસમર્થ સાન્નિધ્યથી તું રક્ષાયેલી છે. દેવો તારી દેખભાળ કરી રહ્યા છે. તારું ભાગ્ય અને જીવનકાર્ય અન્યત્ર ક્યાંક રખાયેલાં છે. આ જગતમાં તું એકલ સિતારાની માફક આવી નથી. કોઈ પુરુષોત્તમને માટે પ્રારબ્ધે તને જતનથી સાચવી રાખી છે. તારું કૌમાર્ય નિષ્કલંક છે, પ્રેમનું પવિત્ર સૌન્દર્ય તારામાં જીવંત બન્યું છે. સ્વર્ગીય સામર્થ્યનો ને સંમુદાનો સંદેશ લઈને તારું આવાગમન થયેલું છે. તું તારું પ્રેમનું હૃદય જેની આગળ ખોલશે તેને તે પ્રાપ્ત થશે. તેં જે આણ્યું છે તેની સહાયથી તારો પ્રેમી પોતાના જીવનને મહિમાવંતું બનાવી દેશે.

વત્સે! તું હવે આ મહાન જગતની જાત્રાએ જા, તારો પ્રેમ ને તારું પ્રારબ્ધ તારી મોહિનીને જ્યાં લઈ જાય ત્યાં જા, અને તારો સ્વભાવ જેને માગી રહ્યો છે તે તારા જ અન્ય સ્વરૂપ જેવા સાથીને શોધી કાઢ. તારો અજ્ઞાત પ્રેમી તારી અજ્ઞાતની વાટ ક્યાંક જોઈ રહ્યો છે. એ તારો સાથી અંત સુધી તારા સાથમાં જ રહેશે, તારી

સંગાથે કદમ શું કદમ મિલાવી ચાલશે. તારી મૂગી હૃદયવીણાને ઝંકાર કરતી બનાવી દે એવા વીણાવાદકને શોધી કાઢ. પરસ્પર દિવ્ય પ્રત્યુત્તર આપે અને સનાતન વસ્તુ માટે નવા નવા સૂરમેળ શોધી કાઢે એવાનો સહચાર સેવ. એની સાથે હાથ શું હાથ મિલાવી સ્વર્ગના મહાપ્રશ્ન જીવનનો સામનો કર. વિશ્વરૂપ છદ્મમાં જે અગ્નિપરીક્ષાઓ આપવી પડે છે તેને પડકાર આપ. પ્રકૃતિના નિમ્ન તલથી પ્રભુતાનાં શિખરોએ આરોહ. મહાસુખનો મુકુટ પહેરનારા મોટા દેવોની સામે ઉપસ્થિત થા, અને કાળ પારના તારા પ્રભુનો—પરમાત્મસ્વરૂપનો ભેટો કર."

ભવિષ્યમાં થવાવાળી સર્વ વસ્તુઓનું બીજ આ વાણી બની. કો મહાન હસ્તે સાવિત્રીના હૃદયનાં તાળાબંધ બારણાં ઉઘાડી નાખ્યાં, અને શકિતસજ્જ એ કયા કામ માટે જન્મ લઈને આવી હતી તે બતલાવી દીધું.

યોગની શ્રુતિમાં મંત્ર જ્યારે ઊતરી જાય છે ત્યારે એનો સંદેશ અંધ મસ્તિષ્કને ક્ષુબ્ધ કરતો પ્રવેશે છે, એનો ધ્વનિ અજ્ઞાન કોષોમાં ચાલતો રહે છે. શ્રોતા માત્ર શબ્દરૂપ સમજે છે અને મથતું મન પ્રયત્ન કરી એમાંથી સંમૂર્ત્ત સત્ય નહિ પણ સત્યનાં સૂચન માત્ર મેળવે છે. પરંતુ અંતરના ઊંડાણમાં પ્રવેશ કરતાં આત્માની ગહનતર શ્રુતિનો શબ્દને ભેટો થાય છે અને એ લયમયી પુનરાવૃત્તિઓ પામતો રહે છે. વિચાર, દર્શન, ભાવ, સંવેદન તેમ જ શરીરની ચેતના એનાથી ઝલાઈ જાય છે ને સંમુદા તથા અમર પરિવર્તનનું પાત્ર બની જાય છે. બૃહત્તા લહેવાય છે, શકિત સંવેદાય છે, સમુદ્રની માફક જ્ઞાન ધસી આવે છે, આનંદ ને શાંતિનાં સ્વર્ગોમાં સંચાર થાય છે, પ્રભુના વદનનાં દર્શન થાય છે, પરા વાણી શ્રવણગોચર બની જાય છે. પિતા અશ્વપતિનાં વચન સાંભળીને આવું જ કંઈ સાવિત્રીની બાબતમાંય બન્યું, એનો મૂળનો મહિમા એનામાં જાગી ઊઠયો.

પરિચિત દૃશ્યો પાછાં રહી ગયાં. હજુ પોતાનાં બન્યાં નહોતાં એવા વૈશાલ્યો પ્રત્યે એનાં પગલાં વળ્યાં. અદૃષ્ટ પ્રદેશોનાં રહસ્યોની સમીપમાં એ સંચરી. પ્રભાત આકાશે આરોહ્યું, દિવસે સંધ્યાકાળનાં સુવર્ણોમાં ડૂબકી મારી, વ્યોમવિસ્તારમાં તરતો તરતો ચંદ્ર સ્વપ્નની કિનાર નીચે ઊતરી ગયો, રાત્રિએ શાશ્વતીની ચોકિયાત ચિનગારીઓ ચેતાવી ને સાવિત્રી સુષુપ્તિમાં સમાધિલીન થઈ.

પણ રાત્રિને અંતે પરોઢિયું આવ્યું ત્યારે એને સાવિત્રીનું મુખ જોવા ન મળ્યું. રાજમહેલે જાગીને જોયું તો જણાયું કે પોતે ખાલી હતો, એના આનંદની અધિષ્ઠાત્રી દૂરની બની ગઈ હતી, એના ખંડોમાં સાવિત્રીનાં ચંદ્રિકાધવલ પગલાં પડતાં નહોતાં : સૌન્દર્ય અને સ્વર્ગીયતા ચાલ્યાં ગયાં હતાં. પોતાના પ્રેમના પ્રભુની શોધમાં સાવિત્રીએ વિશાળ વિશ્વમાં વિદાય લીધી હતી.